પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૬૧, કુલ પાના:૪, તારીખ: ૩૧-૧૦-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 61 PRICE :-RS. 1.50 DATE : 31-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાનની ગુજરાતને દિવાળી ભેટ: કેવડિયા પ્રવાસન સ્થળ તરીકે વિકસિત

# વડાપ્રધાને કેવડિયામાં જંગલ સફારી સહિત ત્રણ પ્રોજેક્ટોનું લોકાર્પણ કર્યું





- વડાપ્રધાન મોદીએ સૌ પ્રથમ ૧૭ એકરમાં ફેલાયેલ આરોગ્ય વનના લોકાર્પણ બાદ એક્તા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અને જંગલ સફારીનું ઉદ્ઘાટન કર્યું, ત્યાર બાદ વિવિધ પ્રકારની માહિતી પણ મેળવી.
- એક્તા મોલમાં દેશના જુદા-જુદા રાજ્યોમાં વખણાતી વસ્તુઓ એક જ જગ્યાએ મળી રહેશે, મોદીએ બાળકોની ન્યૂટ્રી ટ્રેનની સફર માણી.
- આજે વડાપ્રધાનની હાજરીમાં રાષ્ટ્રીય એક્તા દિવસ નિમિત્તે પરેડ યોજાશે ત્યાર બાદ તેઓ સી પ્લેનનું ઉદ્ઘાટન કરી અમદાવાદ આવવા રવાના થશે.

કેવડિયા,

આજથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના મહેમાન બન્યા છે. ત્યારે તેઓ સૌ પ્રથમ અમદાવાદથી સીધા ગાંધીનગર જવા રવાના થયા હતા. ત્યાં તેમણે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ તેઓ કનોડિયા બંધુઓના નિધન પર શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના પાઠવી હતી. વડાપ્રધાન ગાંધીનગરથી સીધા કેવડિયા જવા માટે રવાના થયા હતા. ૧૧.૪૦ વાગ્યાની આસપાસ તેઓ કેવડિયા પહોંચ્યા હતા અને ત્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેઓએ આરોગ્ય વન, એક્તા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અને જંગલ સફારીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે રાજ્યપાલ અને મુખ્યમંત્રી ખાસ હાજર રહ્યા હતા. આ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અહીં અલગ-અલગ અંદાજ જોવા મળ્યા. વડાપ્રધાને જંગલ સફારીનું નિરીક્ષણ કર્યું હતું અને વિવિધ પ્રકારના પ્રાણીઓ, પક્ષીઓને પણ નિહાળ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા આરોગ્ય વનનું ઉદ્ઘાટન કર્યું, આ દરમિયાન તેમણે સમગ્ર વનમાં ચક્કર પણ લગાવ્યું. પીએમ મોદીએ અહીં ગોલ્ફ કાર્ટમાં ઘૂમ્યા, આ દરમિયાન તેમની સાથે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હાજર રહ્યા. ત્યાર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્કનું ઉદ્ઘાટન કર્યું.

પીએમ મોદીએ ચિલ્ડ્રન ન્યુટ્રિશિયન પાર્કની પણ મુલાકાત લીધી હતી. અદ્યતન ટેકનોલોજીથી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫ હજાર ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે. જ્યાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. ચિલ્ડ્રન પાર્કમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરી શકશે. ઉપરાંત તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, 5-D થિયેટર પણ છે. આ ટ્રેનમાં બેસીને પ્રધાનમંત્રીએ પાર્કની મુલાકાત લીધી હતી.

## આરોગ્ય વન

મહામારી વચ્ચે આરોગ્યનો વિષય દરેકને અસર કરે છે ત્યારે આરોગ્ય વન દ્વારા આયુર્વેદને ઓળખવાનું ઉત્તમ સ્થળ એટલે આરોગ્ય વન. આરોગ્ય વનની વિશેષતાઓ પર નજર કરીએ તો આરોગ્ય અને સુખાકારીને ધ્યાને રાખીને વૈદિક વૃક્ષો સાથેનું આરોગ્ય વન ૧૭ એકરમાં પથરાયેલું છે આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે અને ૩૮૦ પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન સ્થળનો સમાવેશ થાય છે તો ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિઝીટલ ઈન્ફર્મેશન સેન્ટર, સોવીનીયર શોપ તથા કાફેટેરિયાને પણ સમાવી લેવાયું છે. અહીંના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના તબીબો અને નિષ્ણાત સ્ટાફની નેચર થેરાપીની પણ વ્યવસ્થા છે.

## ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક

તો અદ્યતન ટેક્નોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યિટ્રિશન પાર્ક આકર્ષણનું કેન્દ્ર છે ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કની વિશેષતાની વાત કરીએ તો અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫૦૦૦ ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે આ પાર્કમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટરનો પ્રવાસ કરી શકશે જેમાં ફળ-શાક ગૃહમ, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણપુરમ, સ્વસ્થ ભારતમ્, ન્યુટ્રી હંટ જેવા સ્ટેશનો પણ આવે છે આ સ્થળોમાં ૪૭ ટેક્નોલોજીનો ઉપયોગ કરી બાળકોને મનોરંજન સાથે માહિતી મળે તેવો પ્રયાસ કરાયો છે તો નાના-મોટા તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, ૫-ડ્ઢ થિયેટર, ભૂલ-ભુલૈયાં પણ છે.

## જંગલ સફારી (સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક)

વિશ્વમાં રેકર્ડ સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી ૩૭૫ એકરમાં અને ૭ જુદી જુદી સપાટીએ બનાવવામાં આવેલ “સ્ટેટ ઓફ આર્ટ” ઝુઓલોજીકલ પાર્ક છે. જંગલ સફારીમાં પ્રવાસીઓને દેશના અને વિદેશના કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓના પ્રાણીઓ જોવાનો આનંદ માણે છે. આ પ્રોજેક્ટમાં જુદા જુદા ૨૯ પ્રાણીઓ માટે ખાસ નિયત વિસ્તાર અને વિશ્વમાં સૌથી મોટા બે “જીઓડેસીક ડોમ એવીયરીઝ”નો સમાવેશ છે. જેમાં પ્રવાસીઓ પોતાની આજુબાજુ ઉડતાં પક્ષીઓ જોવાનો રોમાંચ માણે છે. જંગલ સફારી પ્રોજેક્ટમાં પ્રવાસીઓ ખાસ કરીને બાળકો પણ પક્ષીઓ અને નાના પ્રાણીઓને અડી અને રોમાંચ અનુભવી શકે તેવો “પેટીંગ ઝોન” નો સમાવેશ છે. પેટીંગ ઝોનમાં મકાઉ, કોકેટુ, પરીશયન બિલાડી, સસલાઓ, ગુનીયા પીગ, નાનો અશ્વ, નાના ઘેંટા અને બકરા, ટર્કી અને ગીઝનો સમાવેશ છે.

આવતીકાલે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે કેવડિયામાં રાષ્ટ્રીય એક્તા પરેડ યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં રાષ્ટ્રીય એકતા પરેડ યોજવામાં આવશે. જેમાં કેન્દ્રીય આર્મ્ડ ફોર્સીસ અને સ્ટેટ આર્મ્ડ ફોર્સીસ, બીએસએફ, સીઆરપીએફ મહિલા વોરિયર, ITBP, એનએસજી, અને અમદાવાદ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સહિતના અન્ય દળો ભાગ લેશે.આ એકતા પરેડમાં શિસ્ત, શૌર્ય સાથે બેન્ડના તાલ પર કદમ તાલ મિલાવતા જવાનો જોવા મળશે.

## એક્તા મોલ

પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો.ફુટમાં પથરાયેલ વિશાળ એકતા મોલ બાંધવામાં આવેલ છે. જેમાં દેશના જુદાજુદા રાજયોમાંથી ૨૦ જેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ એમ્પોરીયમ છે. એકતા મોલમાં જુદા જુદા રાજ્યોની વખણાતી ચીજવસ્તુઓ એક જ જગ્યાએથી ખરીદીનો પ્રવાસીઓ આનંદ માણે છે. જેમાં ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI એમ્પોરિયમ આવેલ છે.

### આરોગ્ય સેતુ એપ

## RTIનો બેદરકારીભર્યો જવાબ આપનારા અધિકારો પર કાર્યવાહીના આદેશ




ન્યુ દિલ્હી,

કોરોના કાળથી વિવાદમાં આવેલી આરોગ્ય સેતૂ એપને મુદ્દે કરાયેલી આરટીઆઇ નો બેદરકારીભર્યો જવાબ આપવાના આરોપમાં સંબંધિત અધિકારીઓ સામે કેન્દ્રએ કાર્યવાહીના આદેશ આપ્યા છે. તાજેતરમાં આરોગ્ય સેતૂ એપના ડેવલપર્સની માહિતીને લઈને સરકાર પણ ટીકાનો ભોગ બની રહી છે.

કેન્દ્રિય સૂચના આયોગે આરોગ્ય સેતૂ એપ ડેવલપ કરનારની સાચી માહિતી ન આપવાના આ કેસમાં રાષ્ટ્રીય સૂચના કેન્દ્રને ફટકાર લગાવતા કારણ જણાવો નોટિસ આપી હતી. જે પછી કન્દ્ર સરકારે આરોગ્ય સેતૂ એપ સાથે જોડાયેલી માહિતી આપવામાં બેદરકારીભર્યા વલણ સામે કાર્યવાહી શરુ કરી હતી.

આ પહેલા બુધવારે આઈટી મંત્રાલયે એક નિવદનમાં કહ્યુ હતું કે નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરને ઉદ્યોગ જગત અને એકેડમિક ક્ષેત્રના તમામ કાર્યકર્તાઓના સહયોગથી આરોગ્ય સેતૂ તૈયાર કરી હતી, જે એકદમ ઓપન પ્રોસેસ હતી. કોવિડ-૧૯ સામે એપની ક્ષમતા અને ભૂમિકાને કઈને શક ન કરવો જોઈએ.

આ સંદર્ભે સરકારી સૂત્રોની માહિતી મુજબ આઈટી મંત્રાલયે એનઆઈસી અને નેશનલ ઈ ગર્વનેસ ડિવીઝનને સંગઠનમાં આરટીઆઈનો જવાબ આપનારા અધિકારીઓ પર કાર્યવાહીના આદેશ આપ્યા હતા.



સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓની સુવિધામાં ક્રુઝ બોટનો ઉમેરો થવા જઈ રહ્યો છે. ક્રુઝ બોટનું ૩૧મી ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ ક્રુઝ બોટમાં ૨૦૦થી ૨૫૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે. હાલ કોરોનાના નિયમોને પગલે માત્ર ૧૦૦ લોકોને જ પરમિશન આપવામાં આવશે.

## ઍર ઈન્ડિયાના વેચાણની તારીખ ૧૪મી ડિસેમ્બર સુધી લંબાવવાની શક્યતા

ન્યુ દિલ્હી,

સરકાર ઍર ઈન્ડિયાના વેચાણની તારીખ કદાચ ૧૪મી ડિસેમ્બર સુધી લંબાવે અને ઈચ્છુક રોકાણકારને વિમાન કંપનીના વિશાળ દેવાને ચૂકવવા માટેની શરતોમાં છૂટછાટ આપે એવી શક્યતા સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવી હતી. ઍર ઈન્ડિયા ખરીદવા માટે બીડ કરવાની અંતિમ તારીખ ૩૦મી ઑક્ટોબરે પૂરી થાય છે.

ઈચ્છુક રોકાણકારને વિમાન કંપનીના રૂ. ૬૦,૦૭૪ કરોડના વિશાળ દેવાને ચૂકવવા માટેની શરતોમાં છૂટછાટ અપાય એવી શક્યતા જાહેર કરવામાં આવી હતી.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૮ હજારથી વધુ કેસ: કુલ આંકડો ૮૧ લાખની નજીક



ન્યુ દિલ્હી,

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૮૬૪૮ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૦,૮૮,૮૫૧ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૭૩૮૬ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૩૭૩૩૭૫ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૯૪૩૮૬ સુધી પહોંચ્યો છે.

મહીનાઓ પછી છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૫૬૩ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૧૦૯૦ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૧.૧૫ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૪૪૫૧૭૦૭ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૧૭૩૮૦૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૦૦૪૬૦૫૨ લોકો સ્વસ્થ થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૩૨૩૧૮૪૬ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

## દિલ્હીમાં પ્રદૂષણ ભયજનક સ્તરે: એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૪૦૦ને પાર

ન્યુ દિલ્હી,

દેશના પાટનગર નવી દિલ્હીમાં પ્રદૂષણ અનહદ વધી ગયાના અહેવાલ હતા. એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦ના આંકને વટાવી ગયો હતો. પર્યાવરણવાદીઓએ દાવો કર્યો હતો કે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. પ્રદૂષણનું પ્રમાણ એટલું બધું વધી ગયું હતું કે આજે શુક્રવારે સવારે સડકો પર ગાઢ ધૂમ્મસ જેવું પ્રદૂષણ હતું. વિઝિબિલિટી ઘટી ઘઈ હતી અને વાહન ચાલકો તેમજ પગે ચાલનારા શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાની ફરિયાદ કરતા હતા. આનંદ વિહાર, જહાંગીરપુરા, બવાના, નરેલા, પંજાબી બાગ, પડપડગંજ, રોહિણી અને વઝીરપુરમાં પણ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૮૦ના આંકડાને વટાવી ગયો હતો.

## મેટરનીટી લીવ લેનારની નોકરી છીનવી શકાય નહીં: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,

મેટરનીટી લીવ બાબતે સુપ્રિમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રિમ કોર્ટે એક કેસના સંદર્ભમાં સ્પષ્ટતા કરી કે, કોઈ મહિલા કર્મચારી બાળજન્મ, સુવાવડ માટે રજા પર જાય તો તેના આધારે તેને નોકરીમાંથી દુર કરી શકાય નહી.

દિલ્હી યુનિવર્સીટીના અરબિન્દો કોલેજના એડ હોક ડયુટી પર નોકરી કરતા મહિલા કર્મચારીએ મેટરનીટી લીવ લેતા તેની નોકરી સમાપ્ત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે તે આદેશ રદ કરી મેટરનીટી લીવના લાભ સાથે તે મહિલા પ્રોફેસરને ફરી નોકરીમાં લેવાના આદેશ આપતા જણાવ્યું કે માતા બનવાથી મહિલાઓની કાર્યક્ષમતા કોઈ રીતે ઘટતી નથી.

અગાઉ હાઈકોર્ટે પણ આ મહિલા પ્રોફેસરની તરફેણમાં ચૂકાદો આપ્યો હતો પણ યુનિવર્સિટીના મેનેજમેન્ટે તેની સામે સુપ્રીમમાં રીટ કરી તે સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે રૂ.૫૦૦૦૦નો દંડ પણ કોલેજને ફટકાર્યો હતો. તેમ જ સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટના ચૂકાદાની પ્રશંસા કરી હતી. સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, કોઈપણ મહિલાને તેની નોકરી અને માતા બનવાનો વિકલ્પ પસંદ કરવા જણાવી શકાય નહી. જો તે માતા બનશે તો તેની નોકરી જશે તેવું વલણ સ્વીકાર્ય બની શકે નહી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભુરીયા રાજુભાઈ કાળીયાભાઈ
ગોધરા રોડ, દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ફાતેમાબેન આઈ. સાયકલાવાલા
ઝાલોદ રોડ, દાહોદ

ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૦,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મનીષભાઈ માળી
મો.7778024962 / 9737024962

# મહીસાગર જિલ્લામાં આજે ૬ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૨૭૬ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની



૦૩ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ નો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૩૦-૧૦-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૭૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાધમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામિં અત્યાર સુધીમાં કુલ ૧૧૯૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૭૦૧૪૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૩ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૦ દર્દી ડીસ્ટ્રીગકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૧ દર્દી હોમ આઈસોલેશન, ૦૧ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૫ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૮૦૨ ને પાર પહોંચ્યો છે. કોરોના કાળ દરમિયાન આજે પ્રથમવાર દાહોદમાંથી એકે પોઝિટિવ કેસ ન નોંધાતા દાહોદવાસીઓ સહિત આરોગ્ય તંત્રે રાહત અનુભવી હતી અત્રે ઉલ્લેખનીય છે કે, આરોગ્યતંત્રની સઘન કામગીરી તેમજ દાહોદ જિલ્લા વાસીઓમાં કોરોના પ્રત્યેની જાગૃતિ અને સાવચેતીના કારણે આગામી ટૂંક સમયમાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત થશે તેવું પ્રતિત થઈ રહ્યું છે. આર.ટી.પી.સી.આર.ના ૩૪૮ પૈકી ૦૩ અને રેપિડ ટેસ્ટના ૧૬૩૧ પૈકી ૦૨ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આજના આ પાંચ કેસો પૈકી ઝાલોદમાંથી બે, લીમખેડામાંથી એક અને ફતેપુરામાં થી ૨ કેશનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એક્ટીવ કેસની સંખ્યા ૫૮ રહેવા પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે. દાહોદનની covid - 19 હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોના પોઝિટિવ પેશન્ટોની હોસ્પિટલ ડોક્ટરો તેમજ સ્ટાફ મિત્રો અને આરોગ્ય તંત્ર પેશન્ટ એનું સતત ઘ્યાન રાખી તેમજ તેમજ નિરંતર ખડે પગે પોતાની ફરજ બજાવી કોરોના પોઝિટિવ પેશન્ટોને કોરોના સામે જંગ જીતવામાં મદદ કરી રહ્યા છે અને હોસ્પિટલોમાંથી દરરોજ ઘણા દર્દીઓ સાજા થતાં તેઓને રજા પણ આપી દેવામાં આવતી હોય છે આમ કોરોના પોઝિટિવ કેસો સામે દરરોજ કોરોના સ્થિતિ સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે આ સાથે જ આવનાર દિવસોમાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત જિલ્લો થવા આગળ વધી રહ્યો છે.

# અમેરિકામાં એક જ દિવસમાં ૯૧,૦૦૦ કરતા વધારે કેસ નોંધાયા, હોસ્પિટલો ઉભરાઈ

વૉશિંગ્ટન,

અમેરિકામાં કોરોના કેસના એક દિવસમાં નોંધાતા કેસોએ નવો રેકોર્ડ તોડ્યો છે, અહીં એક દિવસમાં ૯૧,૦૦૦ કરતા વધારે કેસ નોંધાયા છે. કેસો વધવાની સાથે હોસ્પિટલોમાં પણ દર્દીઓની સંખ્યા વધી રહી છે. અમેરિકામાં કોરોના વાયરસને કાબૂમાં લાવવા માટેના પ્રયાસો વચ્ચે નવો ઉછાળો આવતા ચિંતામાં વધારો થયો છે. ઠંડીનું પ્રમાણ વધતા પણ કોરોનાનો ખતરો વધવાની આશંકાઓ વ્યક્ત



કરાઈ રહી છે અને ધીમે-ધીમે ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી આવી રહી છે અને તેના પહેલા આ રીતે કેસમાં આવેલો ઉછાળો ચિંતાનું કારણ બન્યા છે.

અમેરિકામાં કોરોના વાયરસના કેસમાં આવેલા ઉછાળાની સૌથી વધારે અસર ઓહિયો, મિશિગન, નોર્થ કેરોલિન, પેન્સિવેલિયા અને વિસકોન્સિનમાં થયો છે. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પહેલા કોરોના જે રીતે ફેલાઈ રહ્યો છે તેના કારણે ચિંતાનો વિષય બન્યો છે.

આ સાથે યુરોપમાં પણ રેકોર્ડ લેવલ પર કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. અહીં કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા માટે ફ્રાન્સ અને જર્મનીમાં આ અઠવાડિયે લોકડાઉન જાહેર કરાયું છે.

આ પહેલા અમેરિકામાં ૨૩ ઓક્ટોબરે ૮૪,૧૬૯ નવા કેસ નોંધાયા હતા, કોઈ એક દેશમાં એક દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસના રેકોર્ડમાં ભારતમાં ૧૭ સપ્ટેમ્બરે ૯૭,૮૯૪ કેસ નોંધાયા હતા.

વ્હાઈટ હાઉસના કોરોના વાયરસ ટાસ્કફોર્સે જણાવ્યું કે, કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે જરુરી પગલા ભરવામાં આવી રહ્યા છે. ગુરુવારે ૧૨ રાજ્યોમાં એક દિવસમાં કોરોના વાયરસના નવા કેસનો નવો રેકોર્ડ નોંધાયો હતો. કોરોના વાયરસના કેસ વધવાની સાથે હોસ્પિટલમાં આવતા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ ગયો છે. ગુરુવારે ઓક્ટોબરમાં ત્રીજી વખત કોરોનાના કારણે ૧૦૦૦ કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યા છે.

અમેરિકામાં કોરોના વાયરસથી ૨,૨૯,૦૦૦ કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે, અહીં દુનિયાના બાકી દેશો કરતા સૌથી વધુ લોકોએ કોરોના વાયરસના કારણે જીવ ગુમાવ્યો છે. ઓક્ટોબરમાં હોસ્પિટલમાં આવતા દર્દીઓની સંખ્યામાં ૫૦%નો ઉછાળો આવ્યો છે.

# કોરોનાની બીજી ઈનિંગે ફરીથી ઝડપ પકડી છે: એમ્સના ડાયરેક્ટરની ચેતવણી

ન્યુ દિલ્હી,

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસનું સંક્રમણ અચાનક વધી ગયું છે. દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેરની શક્યતાઓ વ્યકત કરવામાં આવી રહી છે. એઈમ્સના ડાયરેક્તર ગુલેરીયાએ દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેરનો ઈનકાર કરી દીધો છે. તેમને વર્તમાન સ્થિતિને ઝડપી બની રહેલી બીજી લહેર ગણાવી હતી. સાથે જ તેમને ચેતવણી આપી છે.

એઈમ્સના ડાયરેક્ટર ગુલેરિયાએ કોરોનાની બીજી લહેર વધારે તેજ બનવા પાછળ સાવધાની રાખવામાં ઢીલાસ રાખાવનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, સોશિયલ ડિસ્ટેંસિંગનું યોગ્ય રીતે પાલન નથી કરવામાં આવ્યું. માસ્ક લગાવવામાં પણ બેદરકારી દાખવવામાં આવી છે.

ડો ગુલેરિયાએ આમ થવા માટે હવામાન અને પ્રદૂષણને જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે, પ્રદૂષણના કારણે વાયરસ વધારે સમય સુધી હવામાં ટકી રહે છે. પ્રદૂષણ અને વાયરસ બંને લોકોના શરીરને ગંભીર નુકસાન પહોંચાડે છે. કોરોના વાયરસ હજી પણ ખતમ નથી થયો. યૂરોપ સહિતના અન્ય



દેશોનું ઉદાહરણ આપતા ગુલેરિયાએ કહ્યું હતું કે, માસ્ક જરૂરથી પહેરો. જરૂરી કામ ના હોય તો બહાર ના જાવ. તેમણે ચેતવણી આપતા કહ્યું હતું કે, જો સાવધાની ના રાખવામાં આવી તો કેસ હજી પણ વધી શકે છે.

એઈમ્સના ડાયરેક્ટરે કહ્યું હતું કે, યુવા વાયરસને લઈને બેદરકાર છે. તેમને લાગે છે કે, આ એક સામાન્ય ચેપ છે અને આપણે કંઈ કરવાની જરૂર નથી. આ ધારણાને ખોટી ગણાવતા ડૉક્ટર ગુલેરિયાએ કહ્યું હતું કે, યુવા વાયરસને ઘરે લાવી રહ્યાં છે અને વૃદ્ધો તેના શિકાર બની રહ્યાં છે.

ગુલેરિયાએ વેકસીન આવવાની આશા વ્યક્ત કરતા કહ્યું હતું કે, કેટલીક નવી દવાઓ પણ આવે જે કોરોનાને સારી રીતે નિયંત્રણ કરી શકે. તેમણે આશા વ્યકત કરી હતી કે, વેકસીન આવવાથી કોરોનાના કેસમાં ઘણો ઘટાડો થશે. કોરોનાની બચવા માટે હાથ ધોવા, સોશિયલ ડિસ્ટેંસિંગ જાળવવુ અને માસ્ક પહેરવું જરૂરી છે.

પ્રદૂષણ અને કોરોનાના બેવડા પડકારોને લઈને એઈમ્સના ડાયરેક્ટરે કહ્યું હતું કે, જ્યાં સુધી અત્યંત જરૂરી ના હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળો. જરૂરી હોય તો માસ્ક પહેરો અને સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરતા તડકો નિકળ્યા બાદ જ જાવ. કોરોના વાયરસના કેસ ઘટી રહ્યાં છે. દિવાળી બાદ પણ જો કેસો આ રીતે ઘટતા જ રહ્યાં તો કહી શકાય કે કોરોનાની પીક ખતમ થઈ ગઈ છે. આપણે આવનારા કેટલાક અડવાડિયા સુધી વધારે સતર્ક રહેવાની જરૂર છે.

દિવાળી અને છઠ પૂજાને લઈને ડો ગુલેરિયાએ કહ્યું હતું કે, લોકોને વર્ચ્યુઅલી જ મળો, તહેવારોની ઉજવણી થોડી ઓછી કરો. આ બાબત સ્વાસ્થ્ય માટે જરૂરી છે. આવતા વર્ષે વધારે ઉજવણી કરજો. સામાન્ય ઈન્ફેક્શન ધરાવનારાઓને ફરીથી કોરોનાનું સંક્રમણ લાગી શકે છે. આમ એકવાર કોરોના થયા બાદ પણ ફરીથી કોરોનાનું સંક્રમણ થઈ શકે છે.

# M.P. ના માલવા ક્ષેત્રના મહત્વાકાંક્ષી ઈન્દોર-દાહોદ રેલ્વે લાઈન પ્રોજેકટના ટેન્ડરો રદ કરવાની તૈયારી

દાહોદ,

મધ્યપ્રદેશના માલવા ક્ષેત્રમાં મહત્વાકાંક્ષી ઈન્દોર-દાહોદ રેલ્વે લાઇન પ્રોજેક્ટના ટેન્ડરો રદ્દ કરવાની તૈયારીઓ અને કેટલાક ટેન્ડરો રદ્દ પણ કરી દેવાતા આ સમગ્ર મામલામાં હવે ટેન્ડર પ્રક્રિયા જો આગળ વધે તો આ પ્રોજેક્ટનું કામ આગળ વધી શકે તેમ છે પરંતુ આ પ્રોજેક્ટના ટેન્ડરો રદ્દ કરવાની તૈયારીઓ દર્શાવતા રેલ્વે વિભાગમાં અંદરો અંદર અનેક છુપો ગણગણાટ પણ થવા પામ્યો છે. ત્યારે હવે આ પ્રોજેક્ટર ક્યારે પુરો થશે જોવાનું રહ્યું ?

રેલ્વે મંત્રાલયના અંતર્ગત સુત્રો અનુસાર જાણવા મળ્યા પ્રમાણે,મદયપ્રદેશના માલવા ક્ષેત્રમાં મહત્વાકાંક્ષી ઈન્દોર-દાહોદ રેલ્વે લાઇન અટકેલા પ્રોજેક્ટનું કામ રેલ્વે શરૂ કરી રહ્યું નથી, તેનાથી વિપરીત વિવિધ કામોના ટેન્ડર રદ કરવાનું શરૂ કર્યુ છે.આ કામો ગૌરવદાથી ઘરસુધી થવાના હતા તેમાંથી રેલ્વે લાઈન નાખતા પહેલા પૃથ્વી બાંધકામ અને નવા પુલ બનાવવાની કામગીરીની દરખાસ્ત કરવામાં આવી હતી.હવે આ બધા કામ અટવાયા છે. રેલ્વેએ અગાઉ કહ્યું હતું કે, દાહોદ પ્રોજેક્ટનું કામ માત્ર યોજવામાં આવી રહ્યું છે પરંતુ કામોના ટેન્ડર રદ કરવાથી સવાલો ગુણાવાડ વચ્ચે ૩ કિમી લાંબી ટનલનું કામ બંધ કરી દેવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, પશ્ચિમ રેલ્વેના અધિકારીઓ રેલવેના ફાયદા અને નુકસાનનું મૂલ્યાંકન કર્યા વિના મનસ્વી ર્નિણયો લઈ રહ્યા છે અને રેલ્વે લાઇન સાથે સંકળાયેલા સાંસદો પણ આ ગંભીર બાબત ધ્યાનમાં લઈ રહ્યા નથી.

વધુમાં જાણવા મળ્યા પ્રમાણે, રેલવે મિલકત વચ્ચે ૨૦૦ કરોડ રૂપિયાથી વધુના ટેન્ડર રદ કરવાની તૈયારીમાં છે. આમાંથી કેટલાક ટેન્ડર પણ રદ થવા લાગ્યા છે. સ્વાભાવિક રીતે, જ્યારે રેલ્વે ભવિષ્યમાં આ કામો માટે નવો કોન્ટ્રાક્ટર માંગશે, ત્યારે તેને મોંધા દરે કામ કરાવવું પડશે. વરિષ્ઠ રેલવે બાબતો નાગેશ નમજોશી કહે છે કે, ટેન્ડર રદ કરવાની પ્રક્રિયા ખોટી છે. કોન્ટ્રાક્ટર કંપનીની સંમતિથી કામ રોકી શકાય છે. તાજા ટેન્ડરને બોલાવવા અને મંજૂરી આપવામાં લાંબો સમય લાગશે. રેલ્વેએ કોઈપણ સંજોગોમાં તેહીથી સાગૌર સુધીની કામગીરી પૂર્ણ કરવી જોઈએ.

# દાહોદ જીલ્લામાં બે અકસ્માતના બનાવમાં બે વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાને શરીરે,હાથે, પગે ઈજાઓ પહોંચતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૯મી ઓક્ટોબરના રોજ ગરબાડાના પાટીયા ઝોલ ગામે પટેલ ફળિયામાં રહેતો નીલેશ ઉર્ફે પોપટભાઈ બારીયા પોતાની મોટરસાઈકલ લઈ દાહોદ શહેરમાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન એક ટેમ્પાના ચાલકે પોતાના કબજાનો ટેમ્પો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી નીલેશ ઉર્ફે પોપટભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ ટક્કર મારી પાડી દેતા નીલેશભાઈને શરીરે તેમજ મોઢાના ભાગે ઈજાઓ પહોંચાડી ટેમ્પાનો ચાલક ટેમ્પો મુકી નાસી ગયો હતો. આ સંબંધે મયુરભા રતનસિંહ બારીયાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના હુંઠીકંકાસીયા ગામે બનવા પામ્યો હતો જેમાં ઝાલોદ તાલુકાના ખાંટવાડા ગામે ચમારવાસ ખાતે રહેતા ભુપેન્દ્ર ઉર્ફે કેતનભાઈ ગત તા.૨૯મી ઓક્ટોબરના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ હુંઠીકંકાસીયા ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન સામેથી આવતી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ભુપેન્દ્ર ઉર્ફે કેતનભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ ટક્કર મારી નાસી જતાં ભુપેન્દ્રભાઈને શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સંબંધે ખાંટવાડા ચમારવાસ ખાતે રહેતા અજયભાઈ મોહનભાઈ બામણીયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સંજેલી તાલુકામાં લોકડાઉનથી બંધ આધારકાર્ડની કામગીરી શરૂ કરવા આવેદનપત્ર આપ્યું

સંજેલી,

સંજેલી મામલતદાર કચેરી ખાતે આધારકાર્ડ સેન્ટર બંધ રહેતા આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર આપી લોકડાઉનમાં બંધ પડેલ આધાર કાર્ડની કાર્યવાહી પુર્ણ શરૂ કરવા આમ આદમી પાર્ટી દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી આધારકાર્ડ સેન્ટર શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

સંજેલી તાલુકા મથકે લોકડાઉન દરમ્યાન આધારકાર્ડ સેન્ટરને કામગીરી બંધ કરવામાં આવી હતી. જે બાદ ફરી આધારકાર્ડ સેન્ટર શરૂ ન કરાતા હાલ સરકારની વિવિધ યોજનાઓમાં આધારકાર્ડ વિના કામગીરી ન થતા આમ આદમી પાર્ટીના વડોદરાના ઉપપ્રમુખ જયેશભાઈ સંગાડા સંજેલી તાલુકા પાર્ટી પ્રમુખ કિરણભાઈ બારીયા અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં સંજેલી મામલતદારને આવેદનપત્ર આપી આધારકાર્ડ સેન્ટર તાત્કાલીક શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. પીએમ કિસાન યોજના, વિધવા સહાય, વૃધ્ધ પેન્શન યોજના, બેંક ખાતા રેશનકાર્ડમા સહિત યોજનાઓમાં આધાર કાર્ડ વિના કામગીરી અધુરી રહેતા હાલ કેટલાય લોકો આધારકાર્ડથી વંચિત રહ્યા છે. જેના કારણે આ વિવિધ સહાય યોજનાઓમાં પણ તેમને લાભ મળતો નથી. જેના કારણે નવા આધારકાર્ડ કઢાવવા તેમજ સુધારો કરાવવા વારંવાર તાલુકા મથકે ધરમધક્કા ખાઈ રહ્યા છતા પણ તેઓને યોગ્ય જવાબ મળતો નથી કે તેઓને મળવાપાત્ર સહાય મળતી નથી. જેનાથી આધારકાર્ડ વિના આ લોકો પોતાના લાભથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. જેના કારણે તાત્કાલીક આધારકાર્ડ સેન્ટર શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે આમ આદમી પાર્ટીએ સંજેલી મામલતદારને આવેદનપત્ર આપી કોરોના મહામારીના ગાઈડલાઈન મુજબ સેન્ટર શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. વૃધ્ધ સહાય લાભાર્થીઓ ભારે મુશ્કેલી પડી રહી છે.

## હાર્દિક શ્રધ્ધાંજલિ

વ્હાલના વડલા જેવું આપનું જીવંત અસ્તિત્વ, આજે અમારી વચ્ચે નથી પણ અમારા માટે તમે હંમેશા જીવંત છો, તમોએ આપેલા વડલાની શીતળ છાયા સમા સંસ્કારો, સ્નેહ, સમર્પણ સંઘર્ષ અને સકારાત્મક જીવનશૈલી અમારા માટે આદર્શરૂપ છે. તમારા મજબુત વિચારોએ અમોને આફતો અને સંઘર્ષ સામે લડવાનું બળ પુરૂં પાડેલ છે.



સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ
જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪
સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લી.
દાનાભાઈ મુળાભાઈ વણકર
કમળાબેન દાનાભાઈ વણકર
રમેશભાઈ દાનાભાઈ વણકર
રેખાબેન રમેશભાઈ વણકર
પ્રિન્સકુમાર રમેશભાઈ વણકર
મેઘલબેન રમેશભાઈ વણકર

# લીમખેડાના ધુમણી તેમજ સાસ્ટા ગામે ધાડપાડું ગેંગે ૧૦ ઘરોમાં મારક હથિયારો સાથે ૧.૫૨ લાખની લુંટ ચલાવી ફરાર

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં આવેલા ધુમણી ગામે ૫ તેમજ સાસ્ટા ગામે ૫ મળી કુલ ૧૦ ઘરોને અજાણ્યા લૂંટારૂંઓએ નિશાન બનાવી મારક હથિયારો સાથે લૂંટારૂઓ ત્રાટક્યા હતા અને ૧.૫૨ લાખની મતાની લૂંટ કરી બે વ્યક્તિઓને માર મારી ઈજા પહોંચાડી દેવાની ઘટના બાદ પંથકમાં ભયનું વાતાવરણ સર્જાવા પામ્યું છે. આ સાથે જ પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી આવી લૂંટારૂઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી પ્રાપ્ત માહિતી અનુસાર, લીમખેડાના ધુમણી ગામે રહેતા શરદ માવી ગતરાત્રીના સુમારે જમી પરવારી ઊંધી ગયા હતા તે દરમિયાન રાત્રે સાડા દસ વાગ્યાના સુમારે ૫ થી ૭ જેટલા લૂંટારૂઓ ધુમણીના નિશાળ ફળિયા અને નિશાન બનાવી ત્રાટકેલા હતા. જેમાં ભાવેશ શંકર માવી તથા શરદ જોખના માંવી ના પરિવારને બંધક બનાવી ઘરમાં તિજોરીમાં મૂકી રાખેલા રોક્ડ તથા સોના ચાંદીના ઘરેણા મળી કુલ રૂપિયા ૧.૫૨ લાખની મત્તાની લૂંટ કરી હતી ત્યારબાદ આ ઉપરાંત ગામમાં રહેતા કૈલેશ દીધા માવિના ઘરની કાચની બારી તોડી તેમજ દરવાજાનું હેંડલ તોડી નાખી ઘર ઉપર પથ્થરમારો કરી ચોરી કરવા માટેનો પ્રયાસ કર્યો હતો તેમજ રમણ જોખના માવી ના ઘરે પહોંચી જઈને લૂંટારૂ ઓએ ઘરમાં ઘરમાં પ્રવેશ કરી રમણ માવીને કાંડાના ભાગમાં ધાર્યુંમારી ગંભીર ઈજા કરી હતી ત્યારબાદ શૈલેષ સરતન માવીને પણ સાથળના ભાગે શિક્ષણ હથિયાર મારી ગંભીર ઈજા કરી ભાગી છૂટ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૩૦-૧૦-૨૦૨૦, શુક્રવાર, નિજ આસો સુદ-૧૪, સૂર્યોદય-૬-૫૧, સૂર્યાસ્ત-૬-૦૯, જૈન નવકારશી-૭-૩૯, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્ર: રેવતી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૪૮થી ૮-૪૫ સુધી, ૧૦-૩૭ થી ૧૩-૨૭ સુધી, ૧૪-૨૩ થી ૧૫-૨૦ સુધી, ૧૭-૧૨ થી ૨૦-૧૬ સુધી

- શુભ હોરા-
૧૨-૦૮ થી અભિજીત-૧૨-૫૩ સુધી, ૮-૧૬થી ૯-૪૧ શુભ, ૧૨-૩૦થી ચલ-લાભ-અમૃત-૧૬-૪૪ સુધી, ૧૮-૦૯ થી લાભ-૧૯-૪૪ સુધી, ૨૧-૨૦થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૬ સુધી

## દૈનિક રાશીફળ

તા.૩૧.૧૦.૨૦૨૦ શનિવાર

મેષ(અ.લ.ઈ.):-લોકોનું સમર્થન મેળવવાની પ્રયત્નોમાં સફળતા મલવાની પ્રતિષ્ઠા વધે નવા આયોજન બાબત સફળતા

વૃષભ(બ.વ.ઉ.):-: આવકની સાથે ખર્ચ રહેવાનો મિત્રોનો સાથ સહકાર સારો રહેશે. ધાર્મિક કાર્યમાં સફળતા મલવાની.

મિથુન(ક.છ.ઘ.):-નવી યોજનામાં નાણા રોકવા બાબત ઉતાવળ ન કરવી ઉધારી ધંધાને લઈને મુશ્કેલી રહે. પ્રવાસ થાય.

કર્ક(ડ.હ.):-સામાજીક પ્રતિષ્ઠા વધવાની વિદેશ જવાની તક મલે અનુભવો તો લાભ સંસ્થાને મલવાનો સ્વાસ્થ્ય જાળવવું.

સિંહ(મ.ટ.):-નોકરીમાં લાભ મલવાનો તમો ખૂબ જ ઉત્સાહ રાખો છો. મિલ્કતના પ્રશ્નોથી જાળવવું પ્રવાસનું આયોજન સફળતા થાય

કન્યા(પ.ઠ.ણ.):-રાજકીય રીતે લાભ દાયક દિવસ રહેવાનો નોકરીમાં અચાનક પરિવર્તન થાય. વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું.

તુલા(ર.ત.):-કાર્યક્ષેત્ર વધારવાના પ્રયત્નો ફળવાના. નવી યોજનામાં અનુકુળતા રહે. લગ્ન ઈચ્છુકોને સારી ઓફર આવે.

વૃશ્ચિક(ન.ય.):-આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું રોજીંદા કાર્યને વળગી રહેજો સંતાનો સાથે સુમેળ વધવાનો.

ધન(ભ.ધ.ફ.ઢ.):-પ્રગતિકારક સમય રહેવાનો છે અટકતા કાર્યોને વેગ મલે માનસિક ટેન્સન હળવુ થાય નવી ઓળખાણ થાય.

મકર(ખ.જ.):-તમારા વિચારોને વળગી રહેજો સફળતા તમારા હાથમાં છે નાણાકીય મુશ્કેલીઓ દૂર થાય. પ્રવાસથી લાભ.

કુંભ(ગ.શ.સ.):-નવા પ્લાનીંગ યોગ્ય છે. તમારે મહેનત કરવાની છે. થોડી ધીરજ પણ કેળવજો જાહેર સાહસોમાં તમોને સફળતા રહે.

મીન(દ.ચ.ઝ.):-જીવન સાથીના સ્વાસ્થ્યને લઈને ટેન્સન રહે વી નોકરીની ઓફર આવે આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું.

STATUE OF UNITY
Gujarat Tourism



ભારતની એકતાના શિલ્પી

# લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને

જન્મજયંતિ પર કૃતજ્ઞ રાષ્ટ્રના શત્ શત્ નમન



## રાષ્ટ્રીય એકતા દિવસ

31ST OCTOBER

## દેશની પહેલી સી-પ્લેન સર્વિસ

**સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની સી–પ્લેન સર્વિસનું ઉદ્ઘાટન કરશે**

### વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી

- **વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સી–પ્લેન દ્વારા ગુજરાત ભારતના ઉડ્ડયન સેક્ટરમાં અને ટૂરિઝમ સેક્ટરમાં એક નવુ સોપાન લખી રહ્યું છે.** ગુજરાતમાં ભારતની પહેલી સી–પ્લેન સર્વિસની શરૂઆત થઈ રહી છે, જે અમદાવાદથી કેવડિયા સુધીની યાત્રાને વધુ સુગમ બનાવશે અને પ્રવાસીઓ માટે ટૂરિસ્ટ એટ્રેક્શન બનશે.
- **સી-પ્લેન દ્વારા ગુજરાતની ભૌગોલિક સુંદરતાને માણી શકાશે** અને **સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અદ્‌ભૂત એરિયલ વ્યુને નિહાળી શકાશે.** તો ચાલો ગુજરાતના ટૂરિઝમ સેક્ટરની નવી શરૂઆતની ઉજવણી કરીએ અને ગુજરાતની ખુશ્બુને વધુ મહેકાવીએ.

## વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા

**ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક**

### "સ્ટેચ્યુ ઓફ યુનિટી"

- વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૪૫ લાખથી વધુ લોકો SOUની મુલાકાત લઈ ચૂક્યાં છે
- દુનિયાની આઠમી અજાયબીઃ SCOએ સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી જાહેર કરી
- સ્ટેચ્યુ ઓફ યુનિટીએ ગુજરાતના પ્રવાસન સ્થળોને વૈશ્વિક ફલક પર પહોંચાડી દિધા



## રાષ્ટ્રીય એકતા દિવસની

**ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન**




**સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને તેનાથી ગુજરાતના ટુરિઝમ સેક્ટરને બહુ મોટો લાભ થઈ રહ્યો છે**

**- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.**

zebra

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ, દાહોદ, મહિસાગર જીલ્લામાં શિયાળાનું આગમન

# બેવડી ઋતુને પગલે રોગચાળો વકરવાની ભીતીથી આરોગ્ય વિભાગ ચિંતિત

### સવારે-ઠંડીનો ચમકારો અને બપોરે ગરમી

ગોધરા,

કોરોના સંકટ વચ્ચે પંચમહાલ, દાહોદ, મહિસાગર જીલ્લામાં ધીમા પગલે ઠંડીનું આગમન થઈ રહ્યું છે. જેને પગલે સવારે ઠંડીનો ચમકારો જોવા મળે છે, તો બપોરે પારો અચાનક ૩૬ ડિગ્રીની આસપાર પહોંચી જતાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આમ બેવડી ઋતુના કારણે રોગચાળો પણ વકરવાની ભીતી સેવાઈ રહી છે.

છેલ્લા એક અઠવાડીયાથી ધીમા પગલે ઠંડી ઋતુનું આગમન પંચમહાલ, દાહોદ અને મહિસાગર જીલ્લામાં થઈ રહ્યું છે. ત્રણ જીલ્લા ખેતી લાયક ગણાય છે અને આ ઋતુમાં ખેડૂતો ખેતીની કામગીરી કરતાં હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી ધીરે-ધીરે ઠંડીનું જોર પકડી રહ્યું છે. રાતના સમયે ઠંડી તો દિવસે ગરમી એમ બેવડી હવામાનનો અનુભવ કરી રહ્યા છે.

આ સાથે કોરોના જેવી મહામારી વકરવામાં ભીતી આરોગ્ય તંત્ર સેવી રહ્યું હોવાથી એલર્ટ બનીને સારવાર લક્ષી કામગીરી હાથ ધરવા દોડધામ કરી રહ્યું છે. આવા સમયમાં સાવચેતી તથા સુવિધા લક્ષી કામગીરી કરવા આરોગ્ય તંત્ર કમર કસી રહ્યું છે. ગુજરાત રાજ્યમાં ડબલ ઋતુના પગલે શરદી, ઉધરસ અને વાઈરલ ફિવરના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં પ્રથમ વાર સિઝનનું તાપમાન ૧૮.૪ ડિગ્રી સુધી ગગડી જતાં શહેરીજનોને ઠંડીનો અનુભવ થયો હતો. બીજી તરફ ૧૫.૫ ડિગ્રી તાપમાન સાથે વલસાડ રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે.

રાજયમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ભલે પહેલા કરતાં ઓછી આવતી હોય, પરંતુ શિયાળો આવતા કેસો વધવાની આશંકા નકારી શકાય નહી. આમ કોરોના કાળમાં ઠંડીની ઋતુના પગલે આરોગ્ય વિભાગની પણ ચિંતા વધી છે. છેલ્લા કેટલાક દિવસોથી શરદી, તાવ અને ઉધરસની સમસ્યાવાળા દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. બેવડી ઋતુના પગલે હેલ્થ એક્સપર્ટોએ કેટલીક સલાહ આપી છે. જેમાં વહેલી સવારે લોકોએ કુલર અને એસીનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. આ સાથે દિવસમાં બે વખત ગરમ પાણીથી કોગળા કરવા જોઈએ. જો શરદી, તાવ કે ઉધરસમાં રાહત ના મળે તો તાત્કાલીક ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

જણાવી દઈએ કે, છેલ્લા કેટલાક દિવસોથી રાજયના વિવિધ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજે પણ રાજયના વિવિધ શહેરોના તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ રહેતા વહેલી સવારે ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો હતો.

પંચમહાલ જીલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં ખેતીલાયક છે અને ખેતી હોવાના કારણે ઠંડીનું પ્રમાણ વધી જાય છે. ધીમા પગલે શિયાળાનું આગમન થઈ રહ્યું છે. આ ધીમા પગલે ઠંડીએ પોતાનું આગમન સાથે હવે કોરોનાનો રોગચાળો પ્રસરે તેવી ચિંતા સતાવી રહી છે. બેવડી ઋતુના આગમન સાથે આરોગ્ય તંત્રની દોડધામ મચી રહી છે. કોરોનાના કેસ વધતા લોકોએ સાવચેતી રાખવી જરૂરી બન્યું છે.

## પોલીસ રુવાબ બતાવી ફોર વ્હીલર ગાડી ચોરી અમદાવાદ થી કાલોલના વિસ્તારોમાં રખડતાં ડુપ્લીકેટ પોલીસને કાલોલ પોલીસે ડબોચી લીધો



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

### કાર માલિકની નજર ચુકવી કાર ચોરી કરી

કાર ચોરી કરનાર શખ્સએ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરતો હોવાની ઓળખ આપી તપાસના કામે ઉપરોક્ત કાર ભાડાથી લઈ તપાસના કામે ફેરવવાનું નાટક કરી અમદાવાદ કાન્હવી હોટલ સામે જઈ કાર માલિકને હોટલમાં પૈસા લેવા મોકલી કાર માલિકની નજર ચુકવી ઉપરોક્ત કારની ચોરી કરી નાસી ગયેલ.

**બોક્સઃ** ક્રાઈમબ્રાન્ચની ઓળખ આપી જાહેર માર્ગો ઉપર વાહન ચેકીંગ કરતો હતો....

કાર ચોરી કરનાર શખ્સ પોતે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ તરીકે ઓળખ ઉભી કરી જાહેર માર્ગો પર વાહન ચેકીંગ કરી ડુપ્લીકેટ પોલીસ બની રૂવાબ જણાવતો હતો. જે અમદાવાદથી નાની આવી કાલોલના વિસ્તારોમાં રખડતાં કાલોલ પોલીસે ઝડપી પાડી. કાયદેસરની કામગીરી હાથ ધરી હતી.

કાલોલ,

કાલોલ પોલીસ ઈસ્પેકટર એમ.એલ.ડામોર કાલોલ વિસ્તારોમાં MGS નાડા પર પેટ્રોલિંગમા હતાં.આ સમય દરમ્યાન શંકાસ્પદ જણાતી સીયાઝ કાર નં-GJ-01-HW-6510 ની તપાસ કરતા ગાડી લઈને આવેલ શખ્સ પાસેથી ગાડીનાં રજીસ્ટ્રેશન કાગળો અને ડ્રાઈવીંગ લાયસન્સ તથા કોઈ પણ પ્રકારના આધાર પુરાવા ના મળતાં કાલોલ પોલીસે નરેન્દ્રસિંહ ખુમાનસિંહ જાડેજા ર.હે નવીમોરવાડ માતરાણીયા ફળિયું તા. સુડા (ઉ.વ.૨૪) તેમજ સિયાઝ કારની વધુ તપાસ કરતાં ગાડીના મૂળ માલીક શક્તિસિંહ જાડેજા હોવાનું બહાર આવ્યુ હતું. જેથી કાલોલ પોલીસે ચોરીની અગર છળ કપટથી મેળવેલ હોય ગાડીની કિંમત રૂા.૭,૫૦,૦૦૦/-તથા અંગ ઝડતીમાંથી મળી આવેલ વીવો કંપનીના મોબાઈલ રૂા. ૫૦૦૦/- મળી કુલ રૂા.૭,૫૫,૦૦૦/- નો મુદ્દામાલ કાયદાની જોગવાઈ પ્રમાણે તપાસ અર્થે હિરાસતમાં લઈ વધુ તપાસ હાથ ધરતાં કાર ચોરી કરનાર શખ્સએ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરતો હોવાની ઓળખ આપી તપાસના કામે ઉપરોક્ત કાર ભાડાથી લઈ તપાસના કામે ફેરવવાનું નાટક કરી અમદાવાદ કાન્હવી હોટલ સામે જઈ કાર માલિકને હોટલમાં પૈસા લેવા મોકલી કાર માલિકની નજર ચુકવી ઉપરોક્ત કારની ચોરી કરી નાસી ગયેલ. જેની અમદાવાદ શહેર નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. કાર ચોરી કરનાર શખ્સ પોતે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ તરીકે ઓળખ ઉભી કરી જાહેર માર્ગો પર વાહન ચેકીંગ કરી ડુપ્લીકેટ પોલીસ બની રૂવાબ જણાવતો હતો. જે અમદાવાદથી નાની આવી કાલોલના વિસ્તારોમાં રખડતાં કાલોલ પોલીસે ઝડપી પાડી. કાયદેસરની કામગીરી હાથ ધરી હતી.

## કાલોલ પંચમહાલ સ્ટીલ પાસે IPLનો ક્રિકેટ સટ્ટો રમાડતા બે ઈસમોને ઝડપ્યા

કાલોલ,

કાલોલ પંચમહાલ સ્ટીલની ખુલ્લી જગ્યામાં ત્રણ ઈસમો હાલમાં ચાલતી આઈ.પી.એલ. ૨૦-૨૦ મેચના બેંગ્લોર-મુંબઈ લાઈવ ક્રિકેટ મેચ બેટીંગ લાઈન ગુરૂ એપ્લીકેશન દ્વારા સેશનના ભાવતાલ લખી પૈસા લઈ આગળ કાલોલ કસ્બામા રહેતા ઈસમને લખાવતો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી બે ઈસમોને ૨૦,૪૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ ડેરોલ સ્ટેશન રોડ ઉપર આવેલ પંચમહાલ સ્ટીલ કંપનીની બહાર ખુલ્લા જગ્યામાં વિષ્ણુપ્રસાદ ભગવાનભાઈ ચૌહાણ અને હરેન્દ્રસિંહ ઉર્ફે લલ્લો શ્રીરામસિંહ રાજપૂત પોતાના મોબાઈલ ફોનમાં હાલમાં ચાલતી આઈ.પી.એલ.૨૦-૨૦ ક્રિકેટ મેચમાં લાઈવ ચાલતી મુંબઈ-બેંગ્લોર મેચ ગુરૂ નામની એપ્લીકેશન દ્વારા બેટીંગ લાઈન માટે સેશન (સટ્ટો) રમાડી રહ્યો છે. તેવી બાતમીના કાલોલ પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન બન્ને ઈસમો મોબાઈલમાં રાખેલ ગુરૂ નામની એપ્લીકેશન દ્વારા સેશનના ભાવ તાલ તેમજ મેચના રન વાઈઝ ચોપડા લખતો હતો. તેમજ બીજા ફોન ઉપર ક્રિકેટ સટ્ટો રમતા ઈસમો પાસેથી પૈસા લઈને કાલોલ કસ્બામાં રહેતા મોહસીન ઉર્ફે મોસલો મહેબુબ મિર્ઝાને લખાવતો હતો. પોલીસે વિષ્ણુપ્રસાદ ચૌહાણ અને હિરેન્દ્રસિંહ રાજપૂતને ઝડપી પાડી રોકડા ૫૪૦૦/-રૂપીયા મોબાઈલ ફોન નંગ-૩ મળી ૨૦,૪૦૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## ગોધરાના જહુરપુરા વિસ્તારમાં ચોરોનો આતંક : ટેમ્પો, છકડો જેવા વાહનોમાંથી બેટરીઓની ચોરી

ગોધરા,

ગોધરા શહેર બી ડીવીઝન પાસે આવેલ પોસ્ટ ઓફિસ વિસ્તારમાં વાહનોમાંથી બેટરી ચોરી થવા બાબતે પોલીસ મથકે લેખિતમાં ફરિયાદ કરવામાં આવી. વાહનો માંથી બેટરીની ચોરી કરતાં ચોર ઈસમો સી.સી.ટીવી ફુટેજમાં દેખાઈ રહ્યા છે. ત્યારે આવા ઈસમોને ઝડપી પાડવામાં આવે તે જરૂરી છે.

ગોધરા બી ડીવીઝન પોલીસ મથક પાછળ હેડ પોસ્ટ ઓફિસ વિસ્તારમાં રહેતા



મોટાભાગના લોકો ટેમ્પો તેમજ છકડો ચલાવીને ગુજરાત ચલાવતા હોય છે.આવા વાહન ચાલકોના વાહનોમાંથી રાત્રીના સમયે ચોર ઈસમો દ્વારા પાર્ક કરેલ વાહનોમાંથી બેટરીઓની ચોરી કરી જતાં હતા. અત્યાર સુધી ૧૫ જેટલા વાહનોમાંથી બેટરીઓની ચોરી કરી ગયા છે. ટેમ્પો અને છકડો જેવા વાહનો માંથી બેટરી ચોરી થતી હોય જેને લઈ વાહન ચાલકો દ્વારા આ વિસ્તારમાં મુકવામાં આવેલ સી.સી. ટીવી કેમેરામાં જોતા બેટરી ચોરી કરતાં ઈસમોના ફુટેજ મળી આવ્યા છે. ત્યારે વાહનોમાંથી બેટરી ચોરી કરતા ચોર ઈસમોને ઝડપી પાડવામાં આવે તે માટે ટેમ્પો અને છકડા ધરાવતા વાહન ચાલકો દ્વારા ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે લેખિતમાં ફરિયાદ આપી છે. અને બેટરી ચોર ઈસમોને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી ઋતુ આત કરી.

### છેલ્લા ૩ દિવસમાં ૧૫ જેટલા વાહનોમાંથી બેટરીઓની ચોરી

## હાલોલ યુનિવર્સીટી કોપ કેપ કંપનીના કવાર્ટસમાં કામદારે અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં મોત

હાલોલ,

હાલોલ તાલુકાના દડીયાપુરા ગામે આવેલ યુનિવર્સલ કોપ કેપ કંપનીના ક્વાર્ટસમાં રહેતા ૩૪ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડાયો સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના દડીયાપુરા ગામે આવેલ યુનિવર્સલ કોપ કેપ કંપની નોકરી કરતો અને કંપનીના ક્વાટર્સમાં રહેતા સીતારામ કોઠુલાલ કુલસને ઉ.વ.૩૪ એ કોઈ અગમ્યય કારણોસર ઝેરી દવા પી ગયેલ હોય જેને લઈ દવા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઝાલોદ નગર પાલિકામાં થયેલ ભ્રષ્ટાચાર ની કડી પણ હિરેન પટેલ ની હત્યામાં તપાસની કડી ની આશંકા

ઝાલોદ,

હિરેન પટેલ હત્યાકાંડ માં પકડાયેલા કુલ ૬ જેટલા આરોપીઓ હાલ જ્યુડીસિયલ કસ્ટડી માં મોકલી આપવામાં આવ્યા છે. ત્યારે આ હત્યાકાંડ ના મૂળ માં પાલિકા ની સત્તા તથા ગત અઢી વર્ષ ના શાસનકાળમાં, થયેલા કોંભાડો પણ કારણભૂત હોવાનું પ્રાથમિક તબ્બકે કહેવામાં આવી રહ્યું છે. અને આથી જ પોલીસ દ્વારા પણ ગત અઢી વર્ષ ના શાસનકાળ માં થયેલા કામો અંગેનો સમગ્ર હિસાબ મંગાવી અને આ એંગલ પણ તપાસવામાં આવતા તેમાં વધુ બહાર આવી શકે તેમ છે.

પાલિકા ના કર્મીઓ હાલ આ માહિતીઓ એકઠી કરી અને પોલીસ ને પહોંચાડવા માટે લાગી ગયેલા જોવા મળી રહ્યા છે. ત્યારે પાલિકા માં થયેલા કરોડો નો ભ્રષ્ટાચાર કોની કોની મદદ થી આચરવામાં આવ્યો તેમ પણ બહાર આવી શકે તેમ હોવાથી હાલ પાલિકામાં ભ્રષ્ટાચાર આચરનાર ઈસમો થી માંડી ને હિરેન પટેલ ની હત્યા માં સામેલ નાના મોટા તમામ માથાઓ ના માથા પર ચિંતાના વાદળો ઘેરાયા છે. અને કેટલાક તો ભૂગર્ભ માં પણ ઉતરી ગયા હોવાનું જાણ માં આવી રહ્યું છે. ત્યારે પોતાને પાલિકાના માંધાતા અને સર્વેસર્વા માનતા પાલિકા ના કાઉન્સિલર ના પણ પાલિકા ના ભ્રષ્ટાચાર ની તપાસ ને લઈને ઊંઘ ઊડી ગઈ હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

ગત અઢી વર્ષ માં થયેલો આ ભ્રષ્ટાચાર કરોડો ના આંકડા ને પાર કર જવા પર છે. અને આ ભ્રષ્ટાચાર ની સામે અવાજ ઉઠાવવા બદલ તેમજ તેની તપાસ ન થાય તે માટે જ કદાચ હિરેન પટેલ ની હત્યા થઈ હોવાનું હાલ તો માનવામાં આવી રહ્યું છે. પોલીસ પણ આ દિશા માં જ તપાસ આગળ વધારી અને મુખ્ય માથાઓ સુધી પહોંચવા સતત પ્રયત્નશીલ છે. તો હત્યાના મૂળમાં રહેલ સત્તા ના રાજકારણ થી લઈને પાલિકા ના ભ્રષ્ટાચાર ના મુળિયા સુધીની ઝીણવટ ભરી તપાસ માં લાગેલી છે.

ત્યારે નકલી સહી કરવામાં માસ્ટર એવા કાઉન્સિલર ની પાલિકા માં આચરવામાં આવેલા ભ્રષ્ટાચાર માં મહત્વ ની ભૂમિકા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તો પાલિકા ના કેટલાક કર્મચારીઓ પણ આમાં સામેલ હોવાની આશંકા વચ્ચે આ અંગે પણ તપાસ માં વધુ બહાર આવે તેવી શક્યતાઓ તો છે જ સાથે સાથે આ ની સામે અવાજ ઉઠાવનાર હિરેન પટેલ ને પણ ન્યાય મળે તેમ છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૭૭૦ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૭૦ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૫, હાલોલ-૦૨,કાલોલ-૦૩,મોરવા(હ)-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૫ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૦૯.
- મૃત્યુ આંક - ૧૨૦.

## પંચમહાલ જિલ્લામાં વધુ 31 વિસ્તારો કલસ્ટરમુક્ત જાહેર કરાયા

ગોધરા,

પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી બાંભણિયા દ્વારા ધ ગુજરાત એપિડેમિક ડિસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની કલમ-૧૧ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ની કલમ-૩૦ અને ૩૪ હેઠળ મળેલા અધિકારની રૂએ જિલ્લાના કલસ્ટર કન્ટેઈન્મેન્ટ એરિયા તરીકે જાહેર કરેલ વિસ્તારો પૈકી વધુ ૩૧ વિસ્તારોને કલસ્ટરમુક્ત જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં હાલોલ નગરપાલિકામાં સમાવિષ્ટ અર્પણ સોસાયટી-૦૨નો વિસ્તાર, પારેખ ફળિયાનાં ૨ વિસ્તાર, તીર્થ રેસીડેન્સીનો વિસ્તાર, રણછોડનગર (ગીતા નાગરાણી પાછળનો વિસ્તાર), મિલ્ટન એપાર્ટમેન્ટનો વિસ્તાર, સ્ટેશન રોડ પર આવેલ કોર્ટની સામેનો વિસ્તાર, પ્રેમ એસ્ટેટ સામેનો વિસ્તાર, દર્પણ સોસાયટીનો વિસ્તાર, કલ્પના સોસાયટીનો વિસ્તાર, હાલોલ તાલુકામાં સમાવિષ્ટ મહિસા ફળિયાનો વિસ્તાર, દુણિયા ગામનો વિસ્તાર, પાવાગઢ રોડ પર આવેલ ઈન્ડિયન ઓઈલ પેટ્રોલપંપ સામેનો વિસ્તાર, નારાયણ શેરીનો વિસ્તાર, વૃંદાવન-બીનો વિસ્તાર, કલ્પતરૂ-૦૨નો વિસ્તાર, રબારી ફળિયાનો વિસ્તાર, પ્રતાપપુરા ગામમાં સમાવિષ્ટ દુણિયાનો અને વાઘવાણીનો વિસ્તાર, વિઠ્ઠલ ફળિયાનો વિસ્તાર, ગીરીરાજનગરનો વિસ્તાર, જનકપુરી-૧૮ ફળિયાનો વિસ્તાર, માનસરોવર-એફ/૨૦નો વિસ્તાર, રણછોડનગરનો વિસ્તાર, દરજી ફળિયાનો વિસ્તાર, એશિયાડનગરનો વિસ્તાર, ચંદ્રપુરા-૯નો વિસ્તાર, સાથરોટા ગામમાં સમાવિષ્ટ રાણીપુરાનો વિસ્તાર, કણજરી ગામમાં સમાવિષ્ટ સનસિટીનો વિસ્તાર, ઘોઘંબા તાલુકામાં સમાવિષ્ટ દાંતોલ કાનપુરનો વિસ્તાર, શહેરા તાલુકામાં સમાવિષ્ટ માલીવાડ ફળિયા સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

## વર્ષ ૨૦૨૧-૨૨ માટે પંચમહાલ જિલ્લાની ઋણ યોજનાનું અનાવરણ કરાયું

ગોધરા,

પંચમહાલ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર અમિત અરોરાના હસ્તે નાબાર્ડ દ્વારા તૈયાર કરાયેલ સંભાવ્ય ઋણ યોજના (પોટેન્શિયલ લિન્કડ ક્રેડિટ પ્લાન)ના પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૧-૨૨ માટે જિલ્લાના વિવિધ ક્ષેત્રોમાં સંભાવ્ય ઋણ યોજના નાબાર્ડ (NABARD- નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર અને રૂરલ ડેવલપમેન્ટ) દ્વારા તૈયાર કરવામાં આવે છે. યોજનામાં જિલ્લામાં વિવિધ ક્ષેત્રો માટે રૂ.૧૪૩૭ કરોડના સંભાવ્ય ઋણ નિર્ધારિત કરાયા છે. કૃષિ ક્ષેત્ર માટે રૂ.૮૨૪ કરોડ તથા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે રૂ.૨૫૧ કરોડના ઋણની જરૂર દર્શાવવામાં આવી છે. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર એલ.બી. બાંભણિયા, નાબાર્ડના વિકાસ અધિકારી રાજેશ ભોંસલે તેમજ લીડ બેન્ક મેનેજર કિરણ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## દેવગઢ બારીઆ શહેરમાં ઈદે મિલા દુન્નલીની શાનદાર ઉજવણી

દે.બારીઆ,

દે.બારીઆના કસ્બા એટલે શુન્નત વલ જમાતના પ્યારા પ્યારા સુન્ની બિરાદરોના દ્વારા વર્ષોની પરંપરા મુજબ ઈદે મિલા દુન્નલીના પહેલા ચાંદરાતથી અબીઉલ અવ્વલના બારવી ચાંદ સુધી સતત બાર દિવસ મિલાદનું આયોજન થાય છે. જેના મુકરીર જનાબ હાફીઝ આસીફ અશરફી તેમજ મૌલાના અરમાન અશરફી તથા મૌલાના મુસ્તકીક રાઢા એ હુઝુરે અક્રમ મોહમંદ મુસ્તફા શલ્લાહો અલય હે વસલ્લમની પેદાઈશની વર્ણનની તકરીર ફરમાવી રહ્યા હતા. જેમાં નાના બાળકો નૈવમ્યાન, પુરૂષ, મહિલાઓ મોટી સંખ્યામાં આકાની આમદની ખુશીમાં આવી પોતાની આકેબત સવારી લીધી છે. સાથે નાતખવા મુખતીયા બેગ મીરઝાનાત પઢી હતી. અત્રે ઉલ્લેખનીય એ પણ છે. સરકારની ગાઈડલાઈન મુજબ ઈદે મિલાદના ઝુલુશ બંધ રાખી ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું હતું. મિલાદ કમીટીના કન્વીનર આયોજન સાથે તા.૩૦/૧૦/૨૦૨૦ શુક્રવારના રોજ સાંજે આમ ન્યાઝનું (માત્ર આયોજન પણ કરવામાં આવ્યું હતું. હુઝુરના મૂએ મુબારની પણ તમામ મુસનમોએ જાહેરાત કરી હતી અને પોતાને ધન્યતા અનુભવી રહ્યા હતા અને મોટા તકદીરનાવાળા સમજી રહ્યા છે.

## દાહોદ જનજાતિ સુરક્ષા મંચ દ્વારા ધર્માંતરીત લોકો અનુસૂચિ જનજાતિની સૂચિ માંથી હટાવી દેતાં આવેદન આપ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાન જનજાતિ સુરક્ષા મંચ દ્વારા રાષ્ટ્રપતિને સંબોધતું આવેદન પત્ર કલેક્ટરને સુપરત કરી જણાવ્યું હતુ કે, અનુસુચિત જનજાતિયોની સાથે થઈ રહેલા અન્યાયને હંમેશા માટે સમાપ્ત કરવામાં આવે તેમજ ધર્માંતરિત લોકોને અનુસુચિત જનજાતિની સુચીમાંથી હટાવી તેમના આરક્ષણ સમાપ્ત કરવામાં આવે તેવું આવેદન પત્રમાં જણાવ્યું હતુ.

વધુમાં આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ભારતીય અધિનિયમ ૧૯૩૫ના અંતર્ગત ભારતીય ઈસાઈની પરિભાષામાં એમ કહેવામાં આવ્યું છે કે, ભારતીય ઈસાઈ તે હશે જે કોઈ પણ ઈસાઈ પંથને માનતો હોય અને યુરોપીય અથવા આંગલો - ઈન્ડિયન ન હોય જેના અનુસાર, અનુસુચિત જનજાતિથી એક વ્યક્તિ ઈસાઈ ધર્મમાં ધર્માન્તરિત થઈ છે, સ્વાભાવિક રૂપથી તે વ્યક્તિ ભારતીય ઈસાઈની શ્રેણીમાં આવશે જેને કોઈપણ પ્રકારના આરક્ષણની સુવિધા આપવામાં અસંવૈધાનિક માનવામાં આવશે. વાસ્તવિક જનજાતિયોની સાથે થઈ રહેલા અન્યાયની સામે જનજાતિ સુરક્ષા મંચ વર્ષોથી લડત લડી રહ્યું છે. તે છતાં અત્યાર સુધી સુવિધાઓનું ધર્માન્તરિય લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 61